ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજના તાજપુર પાસે રેતીના સ્ટોકની ઓફિસોમાં તોડફોડ-લૂંટ



## ૬૦ હજારનું તોડફોડ કરી નુકશાન તથા ૧,૨૮,૦૦૦ની લૂંટની સાત વિરૂદ્ધ પોલીસ ફરીયાદ : તાલુકા પંચાયતના અધ્યક્ષ સહિત સાત સામે પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે આવેલ રેતીનો સ્ટોક કરતી ઓફિસમાં તોડફોડ કરી ઓફિસમાંથી ૧ લાખ ૨૮ હજારની લૂંટ કરતા સાત વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ તાજપુર સ્ટેન્ડ પાસે રેતીનો સ્ટોક કરતી ઓફિસમાં તા. ૨-૯-૨૦૧૬ને શુક્રવારના રોજ સાત ઈસમો દ્વારા ઓફિસ ઉપર જઈને ફરીયાદીને કહેવા લાગ્યા કે તુ ખાણ ખનીજ ખાતાની શું કામ મદદ કરે છે તેમ કહી સાથે લઈ ગયેલ લોખંડની પાઈપ તથા સાથે લાવેલ ટ્રકના પાટા વડે ઓફિસમાં તોડફોડ કરતા ઓફિસના દરવાજાના કાચ, ખુરશી, ટેબલ તથા લગાવેલ સીસી કેમેરા સહિત તોડફોડ કરતા ૬૦ હજાર નુકસાન કરી ઓફિસમાં ટેબલમાં રહેલા ૧,૨૮૦૦૦ લઈ જતા આ અંગેની જાણ ફરીયાદી દિનેશભાઈ ધીરૂભાઈ ભગત (પટેલ) રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા અમદાવાદ દ્વારા કરતા પ્રાંતિજ પોલીસે સ્થળ ઉપર જઈને સાત વિરૂદ્ધ ગુનો નોંધી આગળની



તપાસ હાથ ધરી છે. જેમાં તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ બેચરસિંહ હરિસિંહ રાઠોડ, પંચાલ રાજુભાઈ, કિશોરભાઈ બેચરસિંહ રાઠોડ તથા તેમની સાથે આવેલ બીજા ચાર જણાં નામઠામ જણાવેલ નથી. આ તમામે તમામ રહે. બોરીયા તાલુકો પ્રાંતિજ જ્યારે પ્રાંતિજ પોલીસે ફરીયાદ લખી આઈ.પી.સી. ૧૪૩,૩૮૦, ૫૦૬, ૪૭૯ સહિતની કલમ લગાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## હરસોલ રોડ પર બાઈકની ટક્કરથી ઘવાયેલા ઈસમનુ મોત

તલોદ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ રોડ પર થઈને ગત તા. ૨૮ ઓગષ્ટે પસાર થઈ રહેલ બાઈક નં. જીજે.૦૯.સી. આર. ૫૯૯૨ના ચાલક પાર્થકુમાર વસંતભાઈ પટેલે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી સામેથી આવતા દિનેશભાઈ ચમારને ટક્કર મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે બાઈકચાલક મેહુલકુમાર અરવિંદભાઈ પટેલે બાઈકચાલક પાર્થકુમાર પટેલ વિરૂદ્ધ શુક્રવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઊંઝામાં પાટીદારોના બે જૂથો વચ્ચે પુનઃ અથડામણ

ઊંઝા, તા. ૩

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા શહેરમાં છેલ્લા પખવાડીયાથી પાટીદારોના જ બે જૂથો વચ્ચે ચાલતી તકરારોને પગલે ગઈરાત્રે વધુ એક હિંસક અથડામણ લૂંટ અને તોડફોડનો ગંભીર બનાવ બનતા શહેરમાં વાતાવરણ પુનઃ ડહોળાઈ જતાં અશાંતિનો માહોલ સર્જાયો છે. ગઈરાત્રે શહેરના દાસજ રોડ પર આવેલ શિવદર્શન સોસાયટીમાં રહેતા અને ગંજબજારમાં વેપારી પેઢી ધરાવતા એક વેપારીના ઘર પર ૨૫૦થી ૩૦૦ માણસોના ટોળાએ હથિયારો સાથે હૂમલો કરી સ્કૂટર સળગાવી મકાનમાં તોડફોડ કરી પુત્રવધૂના ગળામાંથી સોનાના દોરા તથા બંગડીઓ મળી કુલ ૫૦ હજારની મત્તાની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હોવાની ફરિયાદ નોંધાવા પામી છે.

ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ શિવદર્શન સોસાયટીમાં રહેતા પટેલ પ્રહલાદભાઈ આત્મારામ ઊંઝા ગંજબજારમાં વેપારી પેઢી ધરાવે છે. ગઈરાત્રે પોણા અગિયાર વાગ્યાના સુમારે આશરે ૨૫૦થી ૩૦૦ માણસોનું ટોળુ એક સંપ થઈ લાકડી, ધોકા, તલવાર, બંદૂક જેવા હથિયારો સાથે અત્રે આવ્યું હતું. અને વેપારીના સ્કૂટર સળગાવી દીધુ હતુ. બાદ મકાનના બારી બારણાના કાચ તોડી દરવાજના લેમ્પ વિગેરેની તોડફોડ કરી રૂપિયા બે લાખનું નુકશાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ વેપારીના પુત્રવધૂના ગળામાંથી બે તોલા વજનના સોનાના દોરા તેમજ સોનાની બે બંગડીઓ કિંમત રૂપિયા પચાસ હજારની કિંમતની મત્તાની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. આ સમયે આ વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી. આ બનાવને પગલે શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

ઉપરોક્ત બનાવ અંગે વેપારી પ્રહલાદભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે આરોપીઓ પટેલ ધર્મેન્દ્ર રાયચંદભાઈ ઉર્ફે ધમો મિલન, રવિ પંચાલ, વિમલ કાબો, વિમલ કાબોનો છોકરો મળી ૨૫૦થી ૩૦૦ માણસો તમામ રહે. ઊંઝા વિરૂદ્ધ રાયોટીંગ, ધાડ, નુકશાન, ગેરકાયદે પ્રવેશ તથા જાહેરનામા ભંગ અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા શહેરમાં છેલ્લા પખવાડીયા દરમિયાન હિંસક હૂમલાઓ, લૂંટ અને તોડફોડના ગંભીર બનાવો બનતા શાંતિ જોખમાઈ છે અને ભયનો માહોલ પેદા થયો છે. આવી સ્થિતિને પગલે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવામાં સ્થાનિક પોલીસતંત્ર સાવ નિષ્ક્રિય નિવડ્યુ હોવાની છાપ લોકમાનસમાં ઉદ્‌ભવી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ગત તા. ૨૧ ઓગષ્ટના રોજ ઉમિયા માતાજી સંસ્થાનની જનરલ સભામાં ધાંધલ ધમાલ થયા બાદ રાત્રિના સમયે પાલિકા મહિલા પ્રમુખના પતિ અને પૂર્વ પાલિકા પ્રમુખ પર ટોળાએ હિંસક હૂમલો કરી લૂંટ ચલાવી હતી. જે અંગે ઊંઝા અને ઉનાવા પોલીસ મથકોએ ધાડ, શારીરિક મહાવ્યથા, તોડફોડના ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા હતા. આ ગુનામાં સંડોવાયેલ મનાતા આરોપીઓ પૈકી એકપણ આરોપીની હજી સુધી પોલીસે ધરપકડ કરી નથી. આમ પોલીસતંત્ર આરોપીઓને પકડવામાં કોણ જાણે કેમ ઢીલી નીતિ અપનાવીને છાવરી રહી છે તેવું લોકોમાં બોલાય છે.

## ઝહીરાબાદમાંથી સગીરાનું અપહરણ કરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ઝહીરાબાદ વિસ્તારમાં રહેતા ઈન્દ્રીશભાઈ કનુભાઈ મીરની દીકરીનું ગત તા. ૨૬ ઓગષ્ટે સલીમભાઈ અબ્દુલભાઈ તનેજા લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયા હતા. ત્યારબાદ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતા ઈન્દ્રીશભાઈ મીરે સલીમભાઈ તનેજા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ભિલોડામાં માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા

ભિલોડા,તા.૩

ભિલોડામાં માર્ગો ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન.માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા છે. ભિલોડામાં ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો, રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. જ્યારે ખાસ કરીને શહેરી વિસ્તારોના માર્ગો ઉપર રખડતી ગાયો, બકરાં, ગધેડાં, કુતરાઓના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાય રહ્યો છે.

જ્યારે કેટલાક વાહન ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી અકસ્માતો વધ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ગાયને માતા કહેનારા હિંદુઓ ગાયમાતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગાય સહિત અનેક પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ લોકમાંગણી



છે.ભિલોડા તાલુકા મથકે જાહેરમાર્ગો ઉપર, શોપીંગ સેન્ટરો આગળ, સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળા અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે. રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી માર્ગો ઉપર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ,વાહનચાલકોની હાલાકીમાં વધારો થયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ લાગતા-વળગતા તંત્રના જબાવદાર અધિકારીઓ ધ્વારા રખડતા પશુઓને રેઢાં મુકનારા માલિકો સામે સત્વરે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વાહનચાલકો તેમજ રાહદારીઓમાંથી ઉઠવા પામ્યો છે. જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલી ગાયો તસ્વીરમાં દ્રષ્ટીગોચર થાય છે.

# પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ વધ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા એક મહિનાથી રખડતી ગાયોનો ત્રાસ વધ્યો છે અને રોડની વચ્ચે કે બજારમાં ગાયો દોડધામ કરે છે ત્યારે જેની જવાબદારી છે તે પાલિકા હાલ તો શહેરીજનોની ચિંતા કર્યા વગર ઘોર નિંદ્રામાં હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે માસુમ શહેરીજનો હાલ તો રખડતી ગાયોને લઈને ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગ્રામજનો દ્વારા અનેકવાર પાલિકામાં વાર રજુઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા આખરે ત્રણ લોકોને ભોગવવાનો વારો આવ્યો છે. જેમાં જૈન સમાજના ધાર્મિક વરઘોડામાં ગાયે બજાર વચ્ચે ત્રણને શિંગડા મારતા ભાગદોડ મચી જવા પામી હતી. જ્યારે પ્રાંતિજ કાપડ એસોસિએશનના પ્રમુખ અને ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિને પણ ગાયે શીંગડા મારતા નીચે પડી ગયા હતા. અને તેમણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર

**ધાર્મિક વરઘોડામાં ગાયે ત્રણને અડફેટે લીધા**



અર્થે ખસેડવામાં આવ્યા હતા અને માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. જ્યારે બીજા બે ને પણ ઈજાઓ થઈ હતી. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પાલિકા હવે પણ કાર્યવાહી કરશે કે કેમ કે હજુ કોઈ ઘટના બનવાની રાહ જોશે એ તો હવે જોવાનું રહ્યું.

રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ત્રણને ગાયે અડફેટે લીધા હતા.

પ્રાંતિજમાં રસ્તાઓ મહોલ્લાઓમાં અને મેન બજારમાં રખડતી ગાયોનો ત્રાસ દિવસે ને દિવસે વધ્યો છે. ત્યારે નગરજનોની પાલિકામાં કેટલીય

# અમદાવાદમાં યોજાયેલ જનજાતિઓના રાષ્ટ્રીય મહા સંમેલનમાં અરવલ્લી જિલ્લાના લોકકલાકારોની કલા પ્રસ્તુત કરી

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ સંસ્કાર કલા કેન્દ્રના કલાકારોએ અમદાવાદમાં યોજાયેલ જનજાતિઓના વિમુક્ત દિવસની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રીય મહાસંમેલનમાં પપેટ દ્વારા લોકનાટ્ય કલા પ્રદર્શિત કરી પ્રેક્ષકોના દીલ જીતી લીધા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ સંસ્કાર કલા કેન્દ્રના કલાકારોએ અમદાવાદ ટાગોર સંસ્કાર હોલ ખાતે ૩૧મી ઓગષ્ટના દિવસે ભારતની વિમુક્ત-વિચરતી-અર્ધ વિચરતી જનજાતિઓના ૬૫મા વિમુક્ત દિવસની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રીય મહાસંમેલનમાં પપેટ દ્વારા લોકનાટ્ય ભવાઈકલા પ્રદર્શિત કરી પ્રેક્ષકોના દીલ જીતી લીધા હતા. સમારંભના અધ્યક્ષ ભારત સરકારના રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રામદાસ આઠવેલજી અને અન્ય મહેમાનોનું સ્વાગત કુમકુમ અક્ષતથી ભવાઈ પરંપરાગત રીતે ભૂંગળવાદનના નાદ સાથે સરડોઈના વતની ભારતીય લોકકલા મહાસંઘ-અલ્હાબાદ (ઉ.પ્ર.)ના રાષ્ટ્રીય સંયોજક મોતીભાઈ ભગવાનભાઈ નાયકે કર્યું હતું. વિમુક્ત દિવસની ઉજવણી વિષયક 'સૂનો કોઈ અંતરકા નાદ' નાયક લિખિત-દિગ્દર્શિત ભવાઈ શૈલી-કઠપૂતળી લઘુનાટિકા આ પ્રસંગે પ્રદર્શિત કરી પ્રેક્ષકોના દીલ હરિ લીધા હતા. સરડોઈ સંસ્કાર કલા કેન્દ્ર શ્રી નવ સંસ્કરણ કલા કેન્દ્રના કલાકારો મોતીભાઈ નાયક (પપેટલ પ્લેયર), ઈશ્વરભાઈ નાયક, ગણપતલાલ નાયક, જયંતિભાઈ નાયક, નારાયણદાસ નાયક, દિગ્વિજય નાયક, ભીખાભાઈ નાયક (ભૂંગળવાદક), વસંતલાલ નાયક, ચંદ્રકાન્ત નાયક, બાબુલાલ નાયકે (ભૂંગળ વાદક) આ કલા પ્રદર્શિત કરવામાં અગત્યની ભૂમિકાઓ અદા કરી હતી. સમારંભ અધ્યક્ષ કેન્દ્રીયમંત્રી આઠવલેજી, સમારંભના આયોજક-બુધન થિયેટર અમદાવાદના ડાયરેક્ટર દક્ષિણ દ્વારા, ભાષા સંશોધન કેન્દ્ર વડોદરાના સંયોજક કવિ કાનજીભાઈ પટેલે ભવાઈ લોકનાટ્યકલાને બિરદાવી કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા.



બાયડ મામલતદાર કચેરીમાં માહિતી અધિકારીના પાટીયા પડ્યા

બાયડ મામલતદાર કચેરીમાં મામલતદારની કેબીનની બહાર માહિતી અધિકારનું પાટીયું ફરી ગયું છે તેમ છતાં મામલતદાર કે કચેરીના કોઈપણ સ્ટાફને આ પાટીયા પર હજુ નજર પડી નથી તેવું દેખાય છે.

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર પ્રજાના જાન-માલનું રક્ષણ કરવામાં નિષ્ફળ

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લા પોલીસવડાએ જ્યારથી આ જિલ્લાનો ચાર્જ સંભાળ્યો ત્યારથી પોલીસ કર્મીઓની બદલીથી લઈ અનેક બાબતોમાં વિવાદાસ્પદ રહ્યા છે. અરવલ્લી જિલ્લાનું પોલીસતંત્ર જાણે તેમના અંકુશમાં ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તાજેતરમાં અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે બે-ત્રણ લૂંટની ઘટનાઓ ઉપરાછાપરી બની. ઉપરાંત એકાદ-બે ખૂનના ગુન્હાઓ પણ નોંધાયા. છતાં પોલીસતંત્રના પેટનું પાણી પણ હલતુ નથી. લૂંટ અને ખૂનના બનાવોએ જિલ્લાની પ્રજામાં ભયનું વાતાવરણ ફેલાયું છે. કેટલાય ગુન્હા તો પોલીસ દફતરે નોંધાયા પણ નથી. એટલે લૂંટના ગુન્હેગારોને મોકળું મેદાન મળ્યું છે. ત્યારે પ્રજામાં વિશ્વાસનું વાતાવરણ પેદા થાય તે અંગે અરવલ્લી જિલ્લા પોલીસવડાએ સક્રિય કામગીરી આરંભવી જરૂરી છે. અરવલ્લી જિલ્લામાંથી પસાર થતાં પર પ્રાંતના વાહનો દ્વારા દારૂ તથા અન્ય નશીલા પદાર્થોની હેરાફેરી થતી હોવાની ચર્ચાઓ વચ્ચે પોલીસતંત્ર દ્વારા નાના-મોટા દારૂના જથ્થાને પકડી પોલીસ રેકર્ડ પર પોલીસતંત્ર સક્રિય હોવાનો ખેલ ભજવાય છે. જ્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા, બાયડના અનેક ગામડાઓમાં દેશી દારૂના અડ્ડા ધમધમે છે. ત્યારે સ્થાનિક પોલીસતંત્ર પણ તેમને આશીર્વાદ આપી રહ્યું હોવાનું ચર્ચાય છે. આ અંગે જિલ્લા પોલીસવડાએ સક્રિય કામગીરી આરંભવી જરૂરી હોવાનં જનતા જનાર્દન માની રહી છે.